# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH SURAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સુરતમાં પહોંચ્યા છે.. તેમણે સુરતના વેસુ વિસ્તારમાં યુનિવર્સિટી રોડ પર મહાવીર હોસ્પિટલનું લોકાર્પણ કર્યું છે. લોકાર્પણના કાર્યક્રમ બાદ તેઓ સભા સ્થળે પહોંચી રહ્યાં છે. ઘણા લાંબા સમય બાદ અમિત શાહ સુરતના પ્રવાસે છે. ત્યારે મોટી સંખ્યામાં લોકો, નેતાઓ, અગ્રણીઓ સભા સ્થળે ઉપસ્થિત રહ્યાં છે.

સુરત ખાતેનો લોકાર્પણનો કાર્યક્મ પૂર્ણ કરીને અમિત શાહ અમદાવાદ પરત ફરશે અને અહીં અમદાવાદ મહાગનરપાલિકા દ્વારા નિર્મિત વિવિધ પ્રજાલક્ષી વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD ADHYATMIK MELO AMIT SHAH- 1

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ એક દિવસના રાજ્યના પ્રવાસે છે તેમણે આજે સવારે અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા યોજાયેલા હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરતાં અહી પ્રદર્શિત સ્ટોલની મુલાકાત લેવા નાગરિકોને તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં ઉમેટી રહેલા શ્રધ્ધાળુઓના અસ્ખલિત પ્રવાહ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, “પ્રયાગરાજમાં **144** વર્ષ પછી મહાકુંભ યોજાઈ રહ્યો છે. વિશ્વભરના લોકો આશ્ચર્યચકિત થઈને આ મહાકુંભને જોઈ રહ્યા છે.”

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

આ આધ્યાત્મિક મેળામાં ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પેટેલ કહ્યુ હતું કે, ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં ઉભા કરાયેલા અયોધ્યાપુરમ્ ખાતે 250થી વધુ સંસ્થાઓએ સ્ટોલ બનાવ્યા છે. આ મેળાની આયોજક સંસ્થા વિશે બોલતા જણાવ્યું હતું કે આ સંસ્થા છ સિધ્ધાંતો ઉપર કાર્યરત છે....1

(બાઇટ --ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# AHMEDABAD ADHYATMIK MELO AMIT SHAH- 2

આ હિન્દુ આધ્યાત્મિક મેળાની શરૂઆત અગાઉ રથયાત્રા યોજાઇ હતી ..જેમાં ગુજરાત રાજપૂત વિદ્યા સભાની ક્ષત્રિય સમાજની દીકરીઓ દ્વારા રથયાત્રામાં તલવાર રાસ કરવામાં આવ્યો હતો

કળશયાત્રા હેલ્મેટ સર્કલથી લઈને જીએમડીસી ગ્રાઉન્ડમાં મેળા સુધી પહોંચી હતી ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મેળાનું ઉદઘાટન કર્યું હતું.. આ હિન્દુ આધ્યાત્મિક મેળાની શરૂઆત અગાઉ રથયાત્રા યોજાઇ હતી ..જેમાં ગુજરાત રાજપૂત વિદ્યા સભાની ક્ષત્રિય સમાજની દીકરીઓ દ્વારા રથયાત્રામાં તલવાર રાસ કરવામાં આવ્યો હતો

કળશયાત્રા હેલ્મેટ સર્કલથી લઈને જીએમડીસી ગ્રાઉન્ડમાં મેળા સુધી પહોંચી હતી ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મેળાનું ઉદઘાટન કર્યું હતું.. આજે બપોર બાદ RTO સર્કલ થી એક હજાર 400 યુવાનો દ્વારા બાઇક રેલી યોજશે..હવે આજે સાંજે ગંગા અવતરણ નું પ્રદર્શન થશે તે ઉપરાંત આરતી કરવામાં આવશે અને ગંગાજળનો છંટકાવ કરાશે

. . . . . . . . . . . . .

# TAPI AT HOME MONITRING

તાપી જીલ્લાના વ્યારા શહેરના સયાજી મેદાન ખાતે યોજાનાર રાજ્યપાલના કાર્યક્રમને લઈ કલેકટર દ્વારા નિરીક્ષણ કરાયું હતું. વ્યારામાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે થનાર છે. ત્યારે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ વ્યારામાં એટ હોમ કાર્યક્રમ યોજાનારો છે.

આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગ રૂપે કલેક્ટર, જિલ્લા પોલીસ વડા તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરાયુ હતું અને જરૂરી સૂચના આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# AMRELI

અમરેલીના પૂજાપાદર ગામમાં દીપડો મલધારીના વાડામાં ઘૂસી ગયો હતો. દીપડાનાં હુમલામાં 16 ઘેટાં બકરાના મોત થયાં હતાં. અને 7 ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતા લીલીયા રેંજની વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. વનવિભાગે પંચનામાની કાર્યવાહી કરી દીપડાનું લોકેશન શોધવા કામગીરી હાથ ધરી છે. સરકારના નિયમ મુજબ માલધારી પરિવારને મૃત પશુઓનું વળતર ચૂકવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DELHI INVITATTION - MAHESANA

દિલ્લી ખાતે 26 મી જાન્યુઆરીએ યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમમાં મહેસાણાના સતલાસણાની સાયન્સ એન્ડ આર્ટ્સ કોલેજની વિદ્યાર્થીની રિયા પટેલને  ઉપસ્થીત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે દેશની તમામ કોલેજના એન.એસ.એસ સ્વયંસેવકોને મહેમાન તરીકે હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં ગુજરાતમાંથી 12 સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR - TRAIN

ભાવનગર-આસનસોલ સુપરફાસ્ટ ટ્રેન 28મી જાન્યુઆરીએ ટેકનિકલ કારણોસર સંપૂર્ણપણે રદ રહેશે. અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે, ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજમાં મહાકુંભ-2025 દરમિયાન ચાલી રહેલા મેન્ટેનન્સના કાર્યના કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. રેલવે પ્રશાસને મુસાફરોને થઈ રહેલ  અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................